# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૨૩/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **ભાજપાની રાષ્ટ્રીનીતિથી પ્રેરાઈને આમ આદમી પાર્ટી તથા NCP ના ૧૫૦ કરતાં વધુ કાર્યકર્તાઓ પાર્ટીમાં જોડાયા.**
- **મહામંત્રી શ્રી શબ્દશરણજી બ્રહ્મભટ્ટ તથા સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાના હસ્તે યુવાનોએ કેસરીયો ખેસ ધારણ કર્યો.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટીની વિચારધારાથી પ્રેરાઈને આમ આદમી પાર્ટી તથા નેશનલ કોંગ્રેસ પાર્ટી (N.C.P.)ના આશરે ૧૫૦ કરતાં વધુ યુવાનો આજરોજ ભા.જ.પા.માં જોડાયા હતા. શહિદ દિન નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં ખાસ પધારેલા પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણજી બ્રહ્મભટ્ટ તથા સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાના હસ્તે આ યુવાનોએ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. આમ આદમી પાર્ટીના રાજેશ એચ. પવાર તથા N.C.P.ના બચુભાઈ યાદવ તેમની ટીમ સાથે આજરોજ ભા.જ.પા.માં જોડાયા હતા. તેઓને આવકાર આપતાં સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારામાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ તમામ યુવાનોનો આભાર માન્યો હતો તેમજ રાષ્ટ્રહિતમાં વધુમાં વધુ કાર્ય કરવા પ્રેરણા આપી હતી.